Letter No: GSAWB/0004/09/2023 Dt: 05-09-2023


# ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ

સંયુકતપશુપાલનનિયામકનીકચેરી,સુમનટાવર,

બીજોમાળ, સેકટર૧૧,ગાંધીનગર-૩૮૨૦૧૧

ઈ-મેઈલ- jd-gsawb-gnr@gujarat.gov.in


જા.નં/પ્રા.ક.બો./તાંત્રિક/E-Sarkar-99(૭૦) /૩૯૭૨-૩૦૪૦ /૨૦૨૩

05 SEP 2023

પ્રતિ,

અધ્યક્ષશ્રી, જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી

સહ કલેક્ટરશ્રી,કલેક્ટર કચેરી................ (તમામ)

વિષય:- ગુજરાત રાજ્યમાં The Prevention of Cruelty to Draught And Pack Animals Rules 1965 ના Rule-08 ના અનુપાલન બાબત.....

સંદર્ભ:-

1. People for the Ethical Treatment of Animalsની રજુઆત C.S.O./ 35075, તા.૦૫/૦૭/૨૦૨૩.
2. The Prevention of Cruelty to Draught and Pack Animals Rules, 1965.
3. Animal Welfare Board of India Letter: No.9-5/2014-15/PCA, Dated: 01/07/2014.
4. માન.પશુપાલન નિયામકશ્રીની કચેરીના પત્રક્રમાંક: DOAH/0498/08/2023 Dt.22-08-2023.
5. કૃષિ,ખેડુત કલ્યાણ અને સહકાર વિભાગ,સચિવાલય,ગાંધીનગર ની કચેરીનો પત્ર નં:- પરચ/૧૦/૨૦૨૨૧૯૮પી.૧,તા.૨૧/૦૭/૨૦૨૩.

સવિનય સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત રાજયમાં પ્રાણી ક્રુરતા નિવારણ કાયદો (ડ્રાફ્ટ અને પેક એનિમલ્સ) રૂલ્સ,૧૯૬૫ના નિયમ ૦૮ તથા ભારતીય પશુ કલ્યાણ બોર્ડના પત્ર નં. 9-5/2014-15/PCA તા. 01.07.2014 ના રોજ સદર નિયમના પાલન કરાવવા અર્થે પ્રસિધ્ધ થયેલ સુચનાઓ મુજબ કાર્યવાહી થવા અંગે ઉકત સંદર્ભ-૧) તળેનો People for The Ethical Treatment of Animals (PeTA)નો પત્ર ઉકત સંદર્ભ-૪) અને ૫) થી તળેના પત્રોના બિડાણમાં અત્રેની કચેરીને મળેલ છે.

સ્પાઈક્ડ બીટસએ પશુઓને ખાસ કરીને ઘોડાઓને મુસાફરી અથવા સવારી કરતી વખતે નિયંત્રિત કરવા માટે મોઢામાં ફીટ કરવામાં આવતું યાતના દાયક ઉપકરણ/સાધન છે જે ઘોડાના મોઢામાં ફિટ કરવાથી ઘોડાને સતત પિડા અનુભવાય છે આ સાધનના દાંતા (bits) ઘોડાના હોઠ તથા જીભને અસહ્ય વેદના પેદા કરે છે તથા કેટલીક વાર ઘોડા માટે જીવન પર્યત ખોડ/ખામી ઉભી કરે છે.

પશુઓ પર મુસાફરી અથવા સવારી કરતી વખતે અથવા પશુ સાથે કોઈ વાહન જોડવા માટે અથવા પશુઓને નિયંત્રિત કરવા માટે આવા પિડાદાયક સ્પાઈક્ડ બીટસને પશુમાલિક દ્વારા ઉપયોગ ન થાય તે માટે ભારત સરકારશ્રીના ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ દ્વારા પ્રસિધ્ધ કરેલ The Prevention of Cruelty to Animals Act, 1960 હેઠળના The Prevention of Cruelty to Draught and Pack Animals Rules, 1965 (સંદર્ભ-૨)ના Rule:-8 Use of Spiked bits prohibited માં દર્શાવ્યા મુજબ "No person shall, for the purpose of driving or riding an animal or

Signature valid
Signed by:R.A.Vala
Joint Director
Date: 2023.09.05
11:51:30 +05:30

causing it to draw any vehicle or for otherwise controlling it, use any spiked stick or bit, harness or yoke with spikes, knobs or projections or any other sharp tackle or equipment which causes or is likely to cause bruises, swellings, abrasions or severe pain to the animal (કોઈપણ વ્યક્તિ, કોઈ પ્રાણીને ચલાવવા અથવા ચલાવવાના હેતુ માટે અથવા તેને કોઈપણ વાહન ખેંચવા અથવા નિયંત્રિત કરવા માટે, કોઈપણ સ્પાઈકડ સ્ટિક અથવા બીટ, હાર્નેસ અથવા સ્પાઈક્સ, નોબ્સ અથવા પ્રોજેક્શન્સ અથવા અન્ય કોઈપણ તિક્ષણ ટેકલ અથવા સાધનોનો ઉપયોગ કરશે નહી જેનાથી પ્રાણીને ઉઝરડા, સોજો, ઘર્ષણ અથવા ગંભીર પીડાનું કારણ બને છે અથવા થવાની સંભાવના છે) તેમ જણાવેલ છે.

તદ્ઉપરાંત, ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડ દ્વારા દેશના તમામ રાજ્યના મુખ્ય સચિવશ્રીઓને તા.૦૧/૦૭/૨૦૧૪ (સંદર્ભ-૩)ના રોજ પત્ર પાઠવી જણાવેલ છે કે ઉકત સંદર્ભ-૨ મુજબના Rule 08:-"Use of Spiked bits prohibited" અમલમાં હોવા છતાં પશુમાલીકો દ્વારા પશુઓ માટે વપરાતા સ્પાઈકડ બીટ્સની હયાતી જોવા મળેલ છે જેથી રાજ્યના સંબંધીત વિભાગ/ઓથોરીટી દ્વારા આવા ગેરકાયદેસર સ્પાઈકડ બીટસના ઉત્પાદન, વેપાર અને રાખવા બાબતે પ્રતિબંધની કાર્યવાહી થાય તેવા આદેશ કરવામાં આવે તથા કોઈપણ વ્યક્તિ કોઈ પશુને ચલાવવા અથવા ચલાવવાના હેતુ માટે અથવા તેને કોઈપણ વાહન ખેંચવા અથવા નિયંત્રિત કરવા માટે સ્પાઈકડ બીટસનો ઉપયોગ કરે તો આવા વ્યકિતઓ સામે જરૂરી પગલા લેવા માટેના યોગ્ય આદેશો થાય તેવી કાર્યવાહી હાથ ધરી આ સંદર્ભે થયેલ કાર્યવાહીની જાણ ભારતીય જીવજંતુ કલ્યાણ બોર્ડને કરવા જણાવેલ છે.

ઉકત સંદર્ભે People for The Ethical Treatment of Animals (PeTA) દ્વારા સંદર્ભ (૧) તળેના પત્ર તથા C.S.O./35075,તા.૦૫/૦૭/૨૦૨૩ ની રજુઆત ગુજરાત રાજ્યના મુખ્ય સચિવશ્રીને પત્ર પાઠવી ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર સ્પાઈક બીટ્સના વેચાણ, ઉત્પાદન અને વેપાર પર સંપૂર્ણ પ્રતિબંધ લાદવા અંગે રજૂઆત કરવામાં આવેલ છે જેના અનુસંધાને તથા ઉકત તમામ બાબતો ધ્યાને લઈ ગેરકાયદેસર સ્પાઈકડ બીટસના વેચાણ, ઉત્પાદન અને વેપાર ઉપર પ્રતિબંધ લાદવા તથા કોઈપણ વ્યક્તિ કોઈ પશુને ચલાવવા અથવા ચલાવવાના હેતુ માટે અથવા તેને કોઈપણ વાહન ખેંચવા અથવા નિયંત્રિત કરવા માટે સ્પાઈકડ બીટસનો ઉપયોગ કરે તો આવા વ્યકિતઓ સામે જરૂરી પગલા લેવા માટેની યોગ્ય કાર્યવાહી કરવા સંબધીતોને જરૂરી સુચના આપવા વિનંતી છે.

બિડાણ: ઉપર મુજબ

સહિ/-
સંયુકત પશુપાલન નિયામક
ગુજરાત પ્રાણી કલ્યાણ બોર્ડ,
ગુજરાતરાજ્ય, ગાંધીનગર.

નકલ સવિનય રવાના પ્રતિ,

1. માન.પશુપાલન નિયામકશ્રી, (એપીડેમિયોલોજી શાખા), કૃષિભવન,બીજો માળ, બી-બ્લોક, સેકટર-૧૦/એ, ગાંધીનગર.
2. સેકશન અધિકારીશ્રી,(પી.૧), કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, બ્લોક નં-૫ નવા સચિવાલય, , ગુજરાત રાજય, ગાંધીનગર.

નકલ જરૂરી ઘટતી કાર્યવાહી કરવા અર્થે રવાના પ્રતિ,

માનદ. સચિવશ્રી, જિલ્લા પ્રાણી ક્રુરતા નિવારણ સોસાયટી-સહ-નાયબ પશુપાલન નિયામકશ્રી, જિલ્લા પંચાયત-.............(તમામ)

Signature valid
Signed by:R.A.Vala
Joint Director
Date: 2023.09.05
11:51:30 +05:30

Letter No: GSAWB/0004/09/2023 Dt: 05-09-2023

<u>નકલ રવાના પ્રતિ:-</u>

Advocacy Associate, People for the Ethical Treatment of Animals, PETA-India.

PO Box 28260, Juhu, Mumbai 400049.